સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પ્રિ-પરીક્ષા

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૩૬,૭૩૭,૭૩૮ ઈ-મેઈલ :exam01@sauuni.ac.in

નં.ક્રમાંક/પરીક્ષા/૦૧/૫૪૨૯/૨૦૨૬ તા. ૦૨/૧૧/૨૦૨૬

વિષય:- અત્રેના વિભાગની તા. ૦૨-૧૧-૨૦૨૬ની નોંધ પર પ્રાપ્તથયેલ આદેશ અન્વયે .

પ રિ પ ત્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ કોલેજનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સ્નાતક કક્ષાએ શરૂ થનાર બી.એડ પરીક્ષાઓનાં આવેદનપત્રો આ સાથે સામેલ નિયત પત્રક "પરિશિષ્ટ-૦૧" મુજબ ઓનલાઈન ભરવાનાં રહેશે.

[A] વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ જે તે કોલેજ/સંસ્થાનાં લોગઈન મારફત એન્ટ્રીસ્ટમેન્ટ નંબર દાખલ કરી પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ ડાઉનલોડ/પ્રિન્ટ કરવાનાં રહેશે અનેઓનલાઈન ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કોલેજ દ્વારા પોતાનાં લોગઈન મારફત પુર્ણ કરીને ફી મેમો તેમજ ભરેલાં પરીક્ષા ફોર્મની યાદી **E-mail: exam01@sauuni.ac.in** પર તરત મોકલી આપવાની રહેશે.

કોલેજ લોગઈનમાં પ્રિ-એકઝામીનેશન મેનુની અંદર પ્રિ-એકઝામીનેશન ફોર્મ રીપોર્ટ નામનાં ઓપ્શનમાંથી પરીક્ષા ફોર્મની પ્રિન્ટ નીચે મુજબની વિગતે નીકળશે.

[College Login => Pre-Examination => Pre-Examination Form Report]

કોલેજોને આવેદનપત્ર ભરવા માટેની ધ્યાનમાં લેવાની જરૂરી સુચનાઓ

(૧) કોલેજ દ્વારા ઓનલાઈન આવેદન પત્ર ભરતા સમયે વિદ્યાર્થીનાં વિષય તથા અન્ય (જેમ કે વિદ્યાર્થીના નામ,વિષય, ફોટા, એન્ટ્રીસ્ટમેન્ટ નંબર તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા વધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ જેની તકેદારી લેવી તેના કારણે કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે સંબંધીત કોલેજ જવાબદાર રહેશે. તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૨) તમામ કોલેજ **https://exam.saurashtrauniversity.edu** અને **https://saurashtrauniversity.co.in/** વેબસાઈટમાં ઓનલાઈન પરિક્ષા ફોર્મ ભરીને તેમાં જ ઓનલાઈન પેમેન્ટ કરવાનું કોલેજ આગામી પરીક્ષાઓમાં અભ્યાસક્રમ રેગ્યુલર-રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી,ફી તેમજ લેઇટ-ફી (પેનલ્ટી ફી)ની તારીખ પુરી થયા બાદ દિવસ ૦૧ની અંદર ફરજીયાત ફી મેમો જનરેટ કરી ઓનલાઈન ફી પેમેન્ટ કરવાનું રહેશે, જો દિવસ ૦૧ ની અંદર મેમો અને ફીની કાર્યવાહી કરવામાં નહી આવે તો જે તે કોલેજેની જવાબદારી રહેશે ઓફ લાઈન પેમેંન્ટ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી .યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં કરી ફી મેમો અંગેની યાદી તેમજ ઓનલાઈન ભરાયેલ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટ **exam01@sauuni.ac.in** ઈ-મેઈલ મારફત યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા ફોર્મની લેઈટ ફી ની છેલ્લી તારીખ બાદ એક (૧) દિવસ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમ-સેમેસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ અલગ જમા કરાવવાની રહેશે.

(૩) જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની થિયરી (Theory) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ જે તે સંસ્થા દ્વારા તે રીપીટર વિદ્યાર્થીઓની નિયમાનુસાર આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સિટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ ની ઓનલાઈન એંન્ટ્રી કરીને મોકલી આપવાના રહેશે.

(૪) વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રો સંબંધીત કોલેજ દ્વારા ચાલુ સત્ર તેમજ ત્યારબાદનાં એક સત્ર સુધી સાચવી રાખવાનાં રહેશે.

(૫) દરેક કોલેજોને ખાસ સુચના આપવામાં આવેછે કે તેમની કોલેજનાં પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા દરમિયાન ગેરહાજર રહેનાર પરીક્ષાર્થીઓની (Absent) એન્ટ્રી ફરજીયાત ઓન-લાઈન તારીખ પ્રમાણે કરવાની રહેશે.

(૬) પરીક્ષા ફોર્મ ભરતી વખતે દરેક કોલેજોએ પરીક્ષા ફોર્મમાં વિદ્યાર્થીઓનો વિષય ખાસ ચેક કરવાનો રહેશે.અન્યથા જે તે વિદ્યાર્થીનો વિષય બદલી આપવામાં આવશે નહી. જેની દરેક કોલેજોએ તકેદારી લેવા વિનંતી.

(૭) વિવિધ પરીક્ષાઓનાં ભરવાનાઆવેદનપત્રોનું નિયત પત્રક "પરિશિષ્ટ-૦૧" તરીકે સામેલ છે.

પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.....

૨. પરીક્ષા વિભાગના તમામ વિભાગીય અધિકારીશ્રીઓ તરફ તથા પરીક્ષા કોમ્પ્યુટર જાણ તથા કાર્યવાહી અર્થે .....

નકલ સાદર રવાના :

માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી તરફ...

પરિશિષ્ટ ૦૧

ક્રમ	પરીક્ષા નામ	પરીક્ષા ફી	રેગ્યુલર ફી સાથે પરીક્ષા ફોર્મની તારીખ	રેગ્યુલર ફી + લેઇટ ફી સાથે પરીક્ષા ફોર્મની તારીખ	રેગ્યુલર ફી +લેઇટ ફી + પેનલ્ટી ફી સાથે પરીક્ષા ફોર્મની તારીખ	પરીક્ષાની તારીખ
01	B.ED SEM-3	350/-	02/11/2026 TO 07/11/2026	09/11/2026 TO 12/11/2026	13/11/2026 TO 16/11/2026	26/11/2026
02	B.ED (BASIC) SEM-3	350/-	02/11/2026 TO 07/11/2026	09/11/2026 TO 12/11/2026	13/11/2026 TO 16/11/2026	26/11/2026
03	B.ED (ENG) SEM-3	350/-	02/11/2026 TO 07/11/2026	09/11/2026 TO 12/11/2026	13/11/2026 TO 16/11/2026	26/11/2026
04	B.A B.ED SEM-7	----	----	----	------	26/11/2026
05	B.ED SEM-1	350/-	01/12/2026 TO 07/12/206	08/12/2026 TO 10/12/2026	11/12/2026 TO 12/12/2026	22/12/2026
06	B.ED (BASIC) SEM-1	350/-	01/12/2026 TO 07/12/206	08/12/2026 TO 10/12/2026	11/12/2026 TO 12/12/2026	22/12/2026
07	B.ED (ENG) SEM-1	350/-	01/12/2026 TO 07/12/206	08/12/2026 TO 10/12/2026	11/12/2026 TO 12/12/2026	22/12/2026
08	B.ED SEM-4	350/-	10/03/2027 TO 20/03/2027	22/03/2027 TO 24/03/2027	25/03/2027 TO 27/03/2027	20/04/2027
09	B.ED (BASIC) SEM-4	350/-	10/03/2027 TO 20/03/2027	22/03/2027 TO 24/03/2027	25/03/2027 TO 27/03/2027	20/04/2027
10	B.ED (ENG) SEM-4	350/-	10/03/2027 TO 20/03/2027	22/03/2027 TO 24/03/2027	25/03/2027 TO 27/03/2027	20/04/2027
11	B.ED SEM-2	350/-	10/03/2027 TO 20/03/2027	22/03/2027 TO 24/03/2027	25/03/2027 TO 27/03/2027	27/04/2027
12	B.ED (BASIC) SEM-2	350/-	10/03/2027 TO 20/03/2027	22/03/2027 TO 24/03/2027	25/03/2027 TO 27/03/2027	27/04/2027
13	B.ED (ENG) SEM-2	350/-	10/03/2027 TO 20/03/2027	22/03/2027 TO 24/03/2027	25/03/2027 TO 27/03/2027	27/04/2027

- રેગ્યુલર ફી =૩૫૦/- લેઇટ ફી =૫૦૦/- દંડાત્મક ફી =૪૫૦૦/-